# અંગ્રેજી વ્યાકરણ [ ભાગ 11 ] ગુજરાતીમાં

# Simple Past Tense

## સાદો ભૂતકાળ

– કોઈ ક્રિયા થઇ / ક્રિયા ન થઇ તેવું દર્શાવવા માટે

અંગ્રેજીમાં ક્રીયાપદને ભૂતકાળમાં ફેરવવા માટે મોટે ભાગેed લગાડવામાં આવે છે. જેમકે ( to ) walk - walked ( વોકડ ) ચાલ્યો.

( To ) walk ના ભૂતકાળનાં રૂપ

પ્રથમ પુરુષ : -

એકવચન : - I walked. ( આઇ વોકડ ) હું ચાલ્યો.

બહુવચન : - We walked. ( વી વૉક્ડ ) અમે ચાલ્યા.

બીજો પુરૂષ : -

એકવચન : - You walked. ( યુ વૉક્ડ ) તું ચાલ્યો

બહુવચન : - You walked. ( યુ વૉક્ડ ) તમે ચાલ્યા.

ત્રીજો પુરૂષ : -

એકવચન : - He walked. ( હી વૉક્ડ ) તે ચાલ્યો.

She walked. ( શી વૉક્ડ ) તે ચાલી.

It walked. ( ઇટ વૉક્ડ ) તે ચાલ્યું.

બહુવચન : - They walked. ( ધે વૉક્ડ ) તેઓ ચાલ્યા.

કેટલાંક ક્રીયાપદોનું ભૂતકાળમાં જુદું જ રૂપ થાય છે જેમકે : -

( to ) come ( ટુ કમ ) આવવું - came ( કેઇમ ) આવ્યો ( to ) go ( ટુ ગો ) જવું - went ( વેન્ટ ) ગયો

www.shikshansahitya.in

**( to ) write ( ટુ રાઇટ ) લખવું - wrote ( રોટ) લખ્યો**

**( to ) win ( ટુ વિન ) જીતવું - won ( વન ) જીત્યો**

**( to ) teach ( ટુ ટીચ ) શીખવવું - taught ટોટ શીખવ્યું**

**( to ) drink ( ટુ ડ્રીંક ) પીવું - drank ( ડ્રેન્ક ) પીધું**

**( to ) ring ( ટુ રીંગ ) વગાડવું - rang ( રેંગ ) વગાડયું**

**( to ) make ( ટુ મેઇક ) બનાવવું - made મેઇડબનાવ્યુ ( to ) throw ( ટુ થ્રો ) ફેંકવું - threw ( થ્રુ ) ફેક્યું**

**( to ) run ( ટુ રન ) દોડવું - ran ( રેન ) દોડયો**

**( to ) ride ( ટુ રાઇડ ) સવારી કરવી - rode ( રોડ ) સવારી કરી**

**( to ) get ( ટુ ગેટ ) મેળવવુ - got ( ગોટ ) મેળવ્યુ**

કેટલાક ક્રીયાપદ ભૂતકાળમાં પણ એ જ રૂપે વપરાય છે, જેમકે : -

**( to ) cut ( ટુ કટ ) કાપવું - cut ( કટ ) કાપ્યું**

**( to ) shut ( ટુ શટ ) બંધ કરવું - shut ( શટ ) બંધ કર્યું**

**( to ) put ( ટુ પુટ ) મૂકવું- put ( પુટ ) મૂક્યું**

**( to ) let ( ટુ લેટ ) દેવુ ,રજા આપવી - let ( લેટ ) દીધું , રજા આપી**

**( to ) hurt ( ટુ હર્ટ ) ઇજા કરવી - hurt ( હર્ટ ) ઇજા કરી**

**( to ) cost ( ટુ કોસ્ટ ) પૈસા બેસવા - cost ( કોસ્ટ ) પૈસા બેઠા**

**( to ) split ( ટુ સ્પ્લીટ ) ફાડવુ - split ( સ્પ્લીટ ) ફાડયુ**

<u>નોંધ : -</u>

**( 1 )** ક્રીયાપદને છેડે **Y** આવ્યો હોય અને **Y** ની પહેલા વ્યંજન હોય તો **Y** નો **i** કરીને પછી **ed** લગાડવો , જેમકે - **<u>cry - cried.</u>**

**( 2 )** ક્રીયાપદને છેડે એક જ વ્યંજન હોય અને તેની પહેલા એક જ સ્વર હોય તો **ed** લગાડતા પહેલા છેલ્લો વ્યંજન બેવડાવવો . જેમકે : - **<u>stop - stopped.</u>**

## <u>નીચેના વાક્યો તપાસો :-</u>

**( 1 )** સવારે મેં મારા હાથ - મોં ધોયા.

**I washed my hands and face in the morning.**

www.shikshansahitya.in

( 2 ) ગઈ કાલે રાધાએ તેની માને મદદ કરી.

**Radha helped her mother yesterday.**

આમ , **washed** અને **helped** ક્રીયાપદો અગાઉ શી ક્રીયા થઈ એ કહે છે . અગાઉ થઈ ગયેલી ક્રીયાને ભૂતકાળની ક્રીયા કહે છેએટલે આ ક્રીયાપદોનો કાળ ભૂતકાળ છે

## પ્રશ્નાર્થક વાક્યો : -

( 1 ) મેં મારા શિક્ષકનો આભાર માન્યો.

**I thanked my teacher.**

શું મેં મારા શિક્ષકનો આભાર માન્યો ?

**Did I thank my teacher ?**

( 2 ) તમે ક્રીકેટ રમ્યા.

**You played cricket.**

શું તમે ક્રીકેટ રમ્યા ?

**Did you play cricket ?**

ઉપરનાં વાક્યો તપાસવાથી જણાશે કે જ્યારે પ્રશ્નસૂચક શબ્દ શરૂઆતમાં આવેત્યારે ભૂતકાળમાં રહેલાં વિધાનવાક્યોને પ્રશ્નાર્થક વાક્યોમાં ફેરવતી વખતેવાક્યની શરૂઆતમાં **to do** સહાયકારક ક્રીયાપદનું ભૂતકાળનું રૂપ**did** , પછી કર્તા અને ત્યાર પછી ક્રીયાપદનું મૂળ રૂપ, કર્મ અને અંતે અન્ય વાક્યો મૂકવામાં આવે છે ( **Did** + કર્તા + ક્રીયાપદનું મૂળ રૂપ + કર્મ + અન્ય )

## હવે નીચેનાં વાક્યો તપાસો : -

( 1 ) તમે ક્રીકેટ ક્યાં રમ્યા ?

**Where did you play cricket ?**

( 2 ) તમે ક્રીકેટ ક્યારે રમ્યા ?

**When did you play cricket ?**

( 3 ) તમે શા માટે દાખલા ભૂંસી નાખ્યા?

**Why did you rub out the sums ?**

( 4 ) તમે તમારી ચોપડીઓ કેવી રીતે ગોઠવી ?

**How did you arrange your books ?**

www.shikshansahitya.in

ઉપરનાં વાક્યોમાં **where** ( ક્યાં ) , **when** ( ક્યારે ) , **why** ( શા માટે ) , અને **how** ( કેવી રીતે ) એ પ્રશ્નસૂચક શબ્દો છે જ્યારે પ્રશ્નસૂચક શબ્દોવાક્યો ની વચ્ચે આવે ત્યારે સર્વપ્રથમ પ્રશ્નસૂચક શબ્દ વાક્યની શરૂઆતમાંમૂકવામાં આવે છે, પછી **did** અને ત્યાર બાદ કર્તાની અંગ્રેજી , પછી ક્રીયાપદનું મૂળ રૂપ, ત્યાર બાદ કર્મ અને અંતે અન્ય વાક્યો મૂકવામાં આવેછે. ( **where / when / why / how + did** + કર્તા + ક્રીયાપદનું મૂળ રૂપ+ કર્મ + અન્ય વાક્ય )

## નકારાત્મક વાક્યો : -

( 1 ) હું વખતસર સ્ટેશને પહોંચ્યો.

**I reached the station in time.**

હું વખતસર સ્ટેશને પહોંચ્યો નહીં.

**I did not reach the station in time.**

( 2 ) તેણે મને ધક્કો માર્યો.

**He pushed me.**

તેણે મને ધક્કો માર્યો નહીં.

**He did not push me.**

ઉપરનાં વાક્યો તપાસવાથી જણાશે કે ભૂતકાળમાં હકારાત્મક વાક્યમાંથી નકારાત્મકવાક્ય બનાવતી વખતે સર્વપ્રથમ કર્તા , પછી **did not** અને ત્યાર પછી ક્રીયાપદનું મૂળ રૂપ, પછી કર્મ અને અંતે અન્ય વાક્યની અંગ્રેજી કરવામાં આવે છે. ( કર્તા + **did + not** + ક્રીયાપદનું મૂળ રૂપ+ કર્મ + અન્ય વાક્ય )

( 1 ) તેણે બારણું બંધ કર્યું.

**He shut the door.**

( 2 ) અમે ચોપડીઓ ઉઘાડી.

**We opened the books.**

( 3 ) રમેશ કાલે બે કીલોમીટર ચાલ્યો.

**Ramesh walked two kilometers yesterday.**

www.shikshansahitya.in

( 4 ) સુરેશે મને બે વાર બોલાવ્યો

**Suresh called me twice.**

( 5 ) મારો કૂતરો દસ વર્ષ જીવ્યો

**My dog lived ten years.**

( 6 ) તેનો ઘોડો અહીં અટકયો.

**His horse stopped here.**

( 7 ) તેની નાની બહેન રડી.

**His younger sister cried.**

( 8 ) તેણે ( બાઇએ ) પોતાના કપડા ધોયા.

**She washed her clothes.**

( 9 ) વાઘે હરણને માર્યું.

**The tiger killed the deer.**

( 10 ) તમે સાંજ ક્યાં પસાર કરી ?

**where did you pass the evening ?**

( 11 ) શું તું ગઈ કાલે આખો દીવસ રમ્યો?

**Did you play the whole day yesterday ?**

( 12 ) અમે બપોરે કીકેટ રમ્યા નહીં.

**We did not play cricket at noon.**

www.shikshansahitya.in